# ી આત્માનંદ પ્રકાશ

ATMANAND PRAKASH




## હક અને ફરજ

આપણે સૌ આજે હકોની અને વિશિષ્ટ અધિકારોની વાતો કરી રહ્યાં છીએ અને માંગણી કરી રહ્યાં છીએ પણ પ્રાચીન ધર્મનો ઉપદેશ તો ફરજો અને કર્તવ્યો વિષેનો હતો. બજાવેલાં કર્તવ્યોને પગલે પગલે હકો આવતા જાય છે. વિજ્ઞાન અને ટેકનોલોજીના વિકાસને આ મન અને આત્માના વિકાસની સાથે આપણે જોડી શકશું ખરા ? વિજ્ઞાનને આપણે બેવફા ન થઈ શકીએ, કારણ કે એ આજના જીવનની મૂલગત હકીકતનું પ્રતિનિધિ છે, અને પેલા તાત્વિક સિદ્ધાંતો, જેને માટે ભારત ભૂતકાળમાં યુગોના યુગથી ખડું રહ્યું છે તેને અપણાથી બેવફા થઇ શકાય જ નહીં. તો ચાલો, આપણે આપણા સર્વ સામર્થ્ય અને શકિતપૂર્વક ઔદ્યોગિક પ્રગતિને આપણે માર્ગે આગળ ધપીએ અને સાથોસાથ એ પણ યાદ રાખીએ કે સહિષ્ણુતા, દયા અને ડહાપણ વિનાની ભૌતિક સમૃદ્ધિ કરતાં ધુળ ને રાખ સારા છે. આપણે એ પણ યાદ રાખીએ કે ‘ ધન્ય છે શાન્તિ સર્જકો. ’

—જવાહરલાલ નેહરુ


પુસ્તક ૫૮
અંક ૧

પ્રકાશકઃ-
શ્રી જૈન આત્માનંદ સભા
ભાવનગર

કારતક
સં. ૨૦૧૭

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## વિ ષ યા નુ ક્ર મ ણિ કા


| | | |
|---|---|---|
| ૧. કાવ્ય | | ૧ |
| ૨. વિજ્ઞાન તાંડવ | ( શ્રી બાલચંદ હીરાચંદ સાહિત્યચંદ્ર ) | ૨ |
| ૩. નૂતનવર્ષનું મંગલવિધાન. | પ્રકાશન સમિતિ | ૩ |
| ૪. માનવજીવનની ત્રણ અવસ્થા | ( મુનીરાજ શ્રી લક્ષ્મીસાગરજી મહારાજ ) | ૫ |
| ૫. આત્મધર્મ | ( અમરચંદ માવજી શાહ ) | ૮ |
| ૬. શું "મૃત્યુ" એ અક્ષરો જણાતા નથી ? | ( શ્રી બાલચંદ હીરાચદ ) | ૧૧ |
| ૭. માણિક્યદેવસૂરીની અનુપલબ્ધ કૃતિઓ | ( પ્રો. હીરાલાલ ૨. કાપડીયા ) | ૧૩ |
| ૮. સ્વ. હીરાલાલ શાહ | ( 'જન્મભૂમિ 'માંથી ) | ૧૫ |
| ૯ સમાચાર | | ૧૬ |



## જીવનને ઘડવામાં ઉપયોગી

# બે પ્રાણવાન પ્રકાશનો

## જ્ઞાનપ્રદીપ ( ભાગ ૧ થી ૩ )

આ ગ્રંથમાં સ્વ. આચાર્ય શ્રી વિજયકસ્તૂરસૂરીશ્વરજીએ લખેલા આધ્યાત્મિક લેખોનો સર્વ-સંગ્રહ રજૂ કરવામાં આવ્યો છે.

લેખો એટલા ઊંડા અને તલસ્પર્શી છે કે તે વાંચનારને જૈન દર્શનશાસ્ત્રનો ઊંડો અભ્યાસ આપોઆપ થઈ જાય છે. ટૂંકામાં આત્મસિદ્ધિ માટે આ ગ્રંથ ખાસ વાંચન-મનન કરવા જેવો છે. લગભગ છ સો પાનાનો આ ગ્રંથ મોટો હોવા છતાં તેની કિંમત માત્ર રૂા. ૮-૦ રાખવામાં આવેલ છે ( રવાનગી ખર્ચ અલગ )

## કથાદીપ

લેખક મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજી ( ચિત્રભાનુ )


તત્ત્વચિંતક મુનિરાજશ્રી ચંદ્રપ્રભસાગરજી( ચિત્રભાનુ )ના આ ગ્રંથ સંબંધી સુવિખ્યાત નવજીવન પત્ર પરિચય આપતાં જણાવે છે કેઃ-

જૈન મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજીનું આ પુસ્તક આવકારપાત્ર છે. એમાં સંગ્રહિત થયેલી ૨૩ લઘુકથાઓ આપણા જીવનને ઘડવામાં ઉપયોગી થાય એવી છે. એમાં મુનિશ્રીનું ઊંડુ ચિંતન તેમજ નિર્મળ દર્શન દૃષ્ટિએ પડ્યા વિના રહેતા નથી. દરેક કથાની શરૂઆતમાં આપેલા વિચાર મૌક્તિકો પણ સુવિચારપ્રેરક છે. સૌને આ પુસ્તક ગમે એવું છે. કિંમત દોઢ રૂપિયો ( પોસ્ટેજ અલગ ) બન્ને ગ્રંથરત્નો આજે જ મંગાવો.

શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




વર્ષ ૫૮ મું ] કારતક તા. ૧૫-૧૧-૬૦ [ અંક ૧

इह तुरगरथैः प्रयान्ति मूर्खा
धनरहिता विबुधाः प्रयान्ति पद्भ्याम् ।
गिरिशिखर गतापि काकपंक्तिः
पुलिनगतैर्न समत्वमेति हंसैः ॥

( રૂચિરા )

હાથી, હય કે રથ મ્યાનામાં બેસી મૂર્ખો મહાલે રે,
વિત્ત વિના વિદ્વાન પુરુષો સદૈવ ચરણે ચાલે રે;
ગિરિશિખર પર ભલે વસતી હોય કાગની હારો રે,
રેતીમાં ફરતા હંસોની સમાન એ નવ ધારો રે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિજ્ઞાન તાંડવ

( સુમંદાર માલા છંદ )

કરે ખંડ વાયુતણા રેણુનો દંડ જે ચંડ ફૂત્કાર કૌશીકનો
ધરે રૂપ સૌદામિની અગ્નિનો ગોલ સાક્ષાત જે નેત્ર મૃત્યુતણો
ક્ષણાર્થે કરે નષ્ટ ને ભ્રષ્ટ લોકોતણા સ્પષ્ટ વાસો પુરા ભસ્મમાં
અહો માનવોના શરીરો પરે મૃત્યુ એક ક્ષણે ઘાત વિજ્ઞાનના ૧

દયા શાંતિ ને પાપ પુણ્યો તણા અંશ ભગ્નાવશેષો થયા લોકમાં
ગયું દેવ માનુષ્ય ને ધર્મનો છેદ થાતો દિસે લોપ આ વિશ્વમાં
થતો અંત આ વિશ્વનો એક સાથે શ્મશાનો બને સર્વ ભૂભાગમાં
ફળ્યું રાક્ષસી એહ વિજ્ઞાન શું દૈત્ય રૂપે થયું સ્પષ્ટ અસ્તિત્વમાં ૨

અહો એહ વિજ્ઞાનવાદી ઉપાધી સહુ આધિ વ્યાધિ લેઇ આવિયા
બધા સાક્ષરો શું થયા રાક્ષસો ને દયા ભાવને શાંતિ દૂરે ગયા
કૃપા સાનુકંપા દયા શાંતિ પાતાળમાં શું ગઈ સર્વ અધ્યાત્મતા
અહો આવિયો અંતનો કાળ શું એહ પૃથ્વીતણો નાશ સર્વાંશમાં ૩

ગયા છે ભુલી શું સ્વયં આત્મશક્તિ છતી થાય છે રાક્ષસી બુદ્ધિની
પ્રભો ! તાર તું માનવોને દયાબુદ્ધિ અર્પી સમસ્તા સ્વયં ભાવની
ભુલાઇ ગઇ ભો કૃપાસિંધુ સારી સ્વયં પ્રેરિતા બુદ્ધિ માનવ્યની
નહીં કોઇ તારા વિના માર્ગ દાખે નહીં બુદ્ધિ આપે સુધા શાંતિની ૪

કવિ—સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ, માલેગામ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નૂતનવર્ષનું મંગલવિધાન :—

**शास्त्रं सुनिश्चलधिया परिचिन्तनीयम् ।**

મેળવેલ શાસ્ત્રનું પણ સુંદર રીતે સ્થિર બુદ્ધિથી વારંવાર પરિશીલન—ચિંતવન કરવું જોઇએ.

આપણા પૂર્વજો—તીર્થંકર ભગવંતો અને આચાર્ય મહારાજોએ આપણા માટે શાસ્ત્રની રચના કરી છે. તે શાસ્ત્ર જો એમને એમ ગ્રન્થાગારોમાં જ સંગ્રહી રાખીએ તો તેનાથી આપણો કશો જ ઉદ્ધાર થવાનો નથી. આપણા આચાર્યો પાસેથી આપણને જે અપૂર્વ શાસ્ત્રનો વારસો મળ્યો છે તેને આપણે પરિશીલન—ચિંતન—મનનદ્વારા ટકાવી રાખવો અને જીવનમાં આચરવા પ્રયત્નશીલ બનવું તે જ આપણું પહેલું કર્તવ્ય છે.

શાસ્ત્રના યોગ્ય પરિશીલન માટે સમાજના વિચારકોના તે અંગેના વિચારવિનિમય પણ એટલા જ ઉપયોગી બને છે આ રીતે શાસ્ત્રનું ચિંતવન—પરિશીલન કરીને એવી રીતે જીવનમાં ઉતારવું કે તેથી આપણું અને સમાજનું કલ્યાણ થાય.

' શ્રી આત્માનંદ પ્રકાશ ' આ શાસ્ત્રપરિશીલન અને વિદ્વાનોના વિચારવિનિમયનું કાર્ય સત્તાવન વર્ષથી કરી રહ્યું છે. આ શાસ્ત્રપરિશીલન અને તે દ્વારા સમાજકલ્યાણની ભાવનાને મૂર્ત કરવાના પ્રયત્નમાં ' શ્રી આત્માનંદ પ્રકાશ 'ને અનેક વિદ્વાન મુનિ મહારાજો તથા વિદ્વાન ગૃહસ્થ વિચારકોનો સહકાર મળતો રહ્યો છે. તે સૌનો અમે અત્રે આભાર માનીએ છીએ. આ નૂતનવર્ષમાં પણ સૌનો સહકાર મળશે એવી આશા રાખીએ છીએ.

આ નૂતન વર્ષમાં 'શ્રી આત્માનંદ પ્રકાશ' અઠ્ઠાવનમાં વર્ષમાં પ્રવેશ કરે છે, ત્યારે શાસ્ત્રપરિશીલન અને વિચાર વિનિમયદ્વારા તે સમાજને વધુ ઉપકારક થવાની અભિલાષા સેવે છે.

એક એક વર્ષ પુરૂં થતું જાય છે અને દુનિયા ઘણી જ ઝડપથી બદલાતી જાય છે. ગઈકાલની દુનિયા કરતા આજની દુનિયા, તેના સંજોગો, પ્રશ્નો, ગુંચવણો ઘણા જ જુદા પ્રકારના છે. તે સંજોગો અને પ્રશ્નો સમજવા અને ગુંચવણો ઉકેલવા ઘણીજ સૂક્ષ્મ અને કુશાગ્રબુદ્ધિની જરૂર છે. નવા સમાજે, નવી દુનિયાએ આપણી સમક્ષ અનેક નવા પ્રશ્નો ખડા કર્યા છે. તે પ્રશ્નોનું સમાધાન કરવા અને સમજવા સૂક્ષ્મ વિવેક બુદ્ધિ અને ઉંડુ શાસ્ત્રીયજ્ઞાન અને તત્ત્વદર્શન જરૂરી છે. આજે દુનિયા પોતાના અટપટા પ્રશ્નો ઉકેલવા ' આધ્યાત્મિક ' દૃષ્ટિને અથવા પરસ્પર સદ્‌ભાવની દૃષ્ટિને ઝંખે છે.

આજની દુનિયા વૈજ્ઞાનિક પ્રગતિની સાથ આધ્યાત્મદૃષ્ટિને ઝંખે છે. તેને સાચી જરૂરીઆત પૂરી પાડવા શુદ્ધભાવના અને જગતકલ્યાણની ઝંખના જ જરૂરી છે. આજની દુનિયાને સુખશાંતિનો રાહ બતાવવા આપણા પ્રાચીન સિદ્ધાન્તો આધુનિક ઢબે આધુનિક દુનિયા પચાવી શકે તે રીતે આપણે રજુ કરવા પડશે. તે રીતે જ આપણી વિશ્વકલ્યાણની ભાવનાને આપણે મૂર્ત સ્વરૂપ આપી શકીશું. અમે ઇચ્છીએ છીએ કે વિદ્વાન મુનિવર્યો તથા ગૃહસ્થ ચિંતકો ' શ્રી આત્માનંદ પ્રકાશ ' દ્વારા વિશ્વકલ્યાણના ઉન્નત કાર્યમાં યથાશક્તિ ફાળો આપે.

હવે નૂતનવર્ષના પ્રારંભે આપણે જરા ગતવર્ષ તરફ દૃષ્ટિ કરી લઇએ. ગતવર્ષમાં આપણા સમાજના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એકતાને માટે વધુ સારા પ્રયત્નોની જરૂર હતી તે કરી શકયા નથી તે એક દુઃખદાયક હકીકત છે. આ લોકશાહી યુગમાં આપણા આખા સમાજના વતી બોલી શકે અને અવાજ રજુ કરી શકે એવી મજબૂત પીઠબળવાળી સંસ્થાની બહુ જ જરૂર છે એ વાત આપણે જેટલા વહેલા સમજીએ એટલું વધુ સારૂં છે. ભૂતકાળના મતભેદોને હવે મોટાભાગની જનતા ભૂલી જ ગઇ છે. તો પછી હવે એવી એક સંસ્થાને પીઠબળ આપી મજબૂત બનાવવા સવેળા પ્રયત્ન કરી દેવો જરૂરી છે. આ વાતને આપણા સમાજના દીર્ઘદૃષ્ટિવાળા આગેવાનો વહેલી તકે હાથ ધરે એવી અભિલાષા સેવીએ છીએ.

પણ શ્રી જૈન શ્વે. કોન્ફરન્સનું મુખપત્ર 'જૈનયુગ'નું પ્રકાશન બંધ થયું એ જૈન સમાજની પીછેહઠ બતાવે છે. શ્રી જૈન કોન્ફરન્સ જેવી સંસ્થાને 'જૈનયુગ'નું પ્રકાશન બંધ કરવાના સંજોગો ઊભા થાય એ પણ સમાજને શરમાવનારૂં ગણાવું જોઇએ.

બીજી એક વાત ઉપર પણ જૈન સમાજનું અમે લક્ષ્ય ખેંચવા માગીએ છીએ. આપણે ત્યાં ધાર્મિક પરીક્ષા લેતી સંસ્થાઓનું પણ આપણે એકીકરણ કરી શકયા નથી એ દુઃખ છે. અમારૂં માનવું છે કે ધાર્મિક પરીક્ષાઓ જુદી જુદી લેવાય એમાં 'ખુદ ધાર્મિક શિક્ષણના પ્રચાર'ને જ નુકસાન થાય છે. એનાથી એક જ વિદ્યાર્થીને લગભગ એક સરખા અભ્યાસક્રમની બે કે ત્રણ પરીક્ષાઓ આપી ઈનામ મેળવવાની લાલચ થવાથી તે વિદ્યાર્થી ધાર્મિક અભ્યાસમાં આગળ વધવાને બદલે ઘણો સમય એક જ અભ્યાસમાં ગાળે છે. આવી પરિસ્થિતિ દૂર થવી જોઈએ.

હવે સ્થાનિક બનાવોનું ટૂંકમાં અવલોકન કરીએ. આ વર્ષમાં જૈન સંઘ તરફથી શ્રી આણંદજી પુરૂષોત્તમ જૈન સાર્વજનિક દવાખાનું શરૂ કરવામાં આવ્યું છે. તેમાં દરેક કોમના ભાઈ બહેનો લાભ લઇ શકે છે. આ દવાખાનામાં દરરોજ લગભગ ૨૫૦ દર્દીઓ તેનો લાભ લે છે. દવાખાના અંગે જનતાએ સંતોષ વ્યક્ત કર્યો છે. આ દવાખાનું જનતાને વધારે ઉપયોગી થાય એવી શુભેચ્છા.

આ ઉપરાંત ગત વર્ષમાં શ્રી અનોપચંદ ગોવિંદજી ટ્રસ્ટ તરફથી અજવાળીબેન સાર્વજનીક વાચનાલય શ્રી યશોવિજયજી ગ્રન્થમાળાના મકાનમાં ખુલ્લુ મૂકવામાં આવ્યું છે. આ વાચનાલય શરૂ કરવામાં બે સંસ્થાઓએ —શ્રી અનોપચંદ ગોવિંદજી ટ્રસ્ટ અને શ્રી યશોવિજયજી ગ્રન્થમાળાએ પરસ્પર સહકાર સાધ્યો છે.

આ ઉપરાંત અત્રે શ્રી દાદાસાહેબ જૈન બોર્ડીંગની ત્રીજી વીંગ તૈયાર થઈ ગઈ છે અને ઘણા વિદ્યાર્થીઓ હવેથી તેનો લાભ લઈ શકશે. આ ઉપરાંત અત્રેની શ્રી જૈન બાળ વિદ્યાર્થીભુવનને શ્રી મણીબેન નાનાલાલ હરીચંદ ટ્રસ્ટ તરફથી ૩૦૦૮૦ રૂપીઆ જેવી રકમ મળવાથી તે સંસ્થાને પોતાનુ મકાન કરવાનું સ્વપ્ન સિદ્ધ થશે. આજે પણ આ સંસ્થામાં વિદ્યાર્થીઓની સંખ્યા ઉત્તરોત્તર વધતી જ રહી છે.

આ ઉપરાંત શેઠશ્રી હીરાલાલ અમૃતલાલે કરેલી ઉદાર સખાવતને પરિણામે શ્રી દાદાસાહેબની બાજુમાં સુંદર આરોગ્ય ભુવન પણ હવે ટૂંક સમયમાં તૈયાર થઇ જશે.

સામાજિક ક્ષેત્રમાં હજી મધ્યમ વર્ગના ઉત્કર્ષને માટે ઘણું કરવાની જરૂર છે વિદ્યાર્થી ભાઈ બહેનો ભણીગણીને અથવા કોઈપણ ગૃહઉદ્યોગોની તાલીમ લઈને પગભર થાય તે માટે તેમ જ ટૂંકા ગાળાના અભ્યાસક્રમ તૈયાર કરી પગભર થાય તે માટે નીસ્કોલરશીપ, પુસ્તકોની મદદ વગેરે કાર્યો કરવાની ઘણી જ જરૂર છે. આવાં કાર્યો ઠેકઠેકાણે થવાં જોઇએ. આ ઉપરાંત મધ્યમવર્ગના કુટુમ્બનો મુખ્ય માણુસ રળતો હોય તેને તેના ઘરના મદદરૂપ થઈ શકે એવા ઉપકારક કાર્યો પણ શરૂ કરવાની જરૂર છે. આ શ્રી જૈન શ્વે. કાન્ફરન્સની મદદથી અમુક અમુક જગ્યાએ ઠીક ચાલે છે. તેમાં બળ આપીને તેને બીજી જગ્યાએ એ વિસ્તૃત કરવાની જરૂર છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# માનવ-જીવનની ત્રણ અવસ્થા

મુનિરાજ શ્રી લક્ષ્મીસાગરજી મહારાજ (જોટાણા)

(૧) બાલ્યાવસ્થા (૨) યુવાવસ્થા (૩) વૃદ્ધાવસ્થા. બાલ્યાવસ્થા અજ્ઞાનતામય હોય છે, તે વખતે બાળક પરવશ, પરાધીન તથા નિર્ભય હોય છે. તેને પોતાની માનસિક ઉન્નતિ કરવાનું કે આત્મિક પ્રગતિ સાધવાનું બીલકુલ સૂઝતું નથી. આ દશામાં જો કાંઈ સુખ હોય તો તે એટલું જ કે તે વખતે બાળક તદ્દન સ્વતંત્ર અને ચિંતામુક્ત હોય છે. કાલે શું થશે તથા મારા મુરબ્બીઓ મને અમુક કાર્ય કરતા અટકાવશે એવો ખ્યાલ પ્રાયઃ તેમનાં મનમાં આવતો નથી. 'ખાવું, પીવું, તથા કુદવું. એ સિવાય બીજું કાંઈ, એટલે કે દુઃખ સુખ જેવી વસ્તુ આ જગતમાં છે તેનું તેમને તે વખતે ભાન હોતું નથી. બાલ્યાવસ્થામાં નિશ્ચિંતતા હોય છે. તેનું એક કુદરતી કારણ છે, અને તે એ જ કે બાળકના શરીરની પુષ્ટિ માટે તે બહુ આવશ્યક છે. જો બાળક જન્મથી જ ચિંતા અને ફીકર કરવા લાગે તો તેનું શરીર વૃદ્ધિ પામે નહિં, અને ટૂંક મુદ્દતમાં જ અકાળે મરણશરણ થાય.

યુવાવસ્થા એ માનવ-જીવનની બીજી અવસ્થા છે. જીવનમાં જો કોઈ સર્વોત્તમ અવસ્થા હોય તો તે આ જ છે. તે વખતે શરીરની શક્તિઓ સંપૂર્ણરૂપે ખીલેલી હોય છે અને ગુણો પ્રાપ્ત કરવાને પણ મન ઉત્સુક બની રહ્યું હોય છે. મનુષ્ય આ અવસ્થામાં જે વાત શીખવા ચાહે તે બહુ સારી રીતે શીખી શકે છે, અને જે સદ્ગુણ પોતાનામાં ઉતારવા ઈચ્છે તે સદ્ગુણ પણ ઉતારી શકે છે, પરન્તુ કેટલીક વાતો એવી છે કે જે યુવાવસ્થામાં શીખી લીધી હોય તો જ તે પ્રાપ્ત થાય અને નહીંતર આખી જીંદગી સુધી પ્રયત્ન કરવા છતાં નિરાશ જ થવું પડે. ગુણો પ્રાપ્ત કરવા અને તેની સાથે તે ગુણોનો સદુપયોગ કરી જીવનને ઉન્નત બનાવવું, એ બન્ને કામો આ યુવાવસ્થામાં જ થવા જોઇએ. જો યુવાવસ્થા માત્ર ગુણો પ્રાપ્ત કરવામાં જ વીતાવી દેવામાં આવે તો એ સદ્ગુણોનો ઉપયોગ ક્યારે થાય? કોઈ એમ કહે કે યુવાવસ્થામાં જે સદ્ગુણો પ્રાપ્ત કર્યા હોય તે સદ્ગુણોનો ઉપયોગ વૃદ્ધાવસ્થામાં જ થવો જોઈએ, પણ હું તે વાત સ્વીકારતો નથી. કારણ કે વૃદ્ધવયમાં સુખાનુભવ શક્તિ પ્રથમ કરતાં ઘણે અંશે મંદ પડી જાય છે. ગુણોના ઉપયોગથી જે સુખ પ્રાપ્ત થઈ શકે તેમ છે, તે સુખનો અનુભવ તો યુવાવસ્થામાં

---

## સભાની પ્રવૃત્તિઓ

ગત વર્ષમાં શ્રી આત્માનંદ પ્રકાશ માસિકમાં ૨૯ પદ્ય અને ૪૦ ગદ્ય લેખો ઉપરાંત સુભાષિતો, ચિંતન કણિકાઓ વગેરે પ્રગટ કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત સમાચાર આપવાનું કામ પણ ચાલુ કરવામાં આવ્યું હતું. આ રીતે માસિકને સમૃદ્ધ કરવામાં પુજ્ય મુનિમહારાજ શ્રી લક્ષ્મીસાગરજી, મુનિ શ્રી સુશીલવિજયજી, મુનિ શ્રી મહાપ્રભવિજયજી, મુનિ શ્રી ત્રિલોકસાગરજી તેમ જ ગૃહસ્થ લેખકો પ્રો, શ્રી હીરાલાલ, શ્રી જયંતીલાલ બી. દવે, ડો. શ્રી દેવેન્દ્ર જૈન, શ્રી રતીલાલ દેસાઈ, શ્રી ફતેચંદ ઝવેરભાઈ, પં. શ્રી દલસુખભાઇ, શ્રી વીઠ્ઠલદાસભાઈ, શ્રી અમરચંદભાઈ, સ્વ. શ્રી પાદરાકર, શ્રી બાલચંદ, શ્રી 'રક્તતેજ' શ્રી સ્વરૂપચંદ ઝવેરી, શ્રી કાન્તિ જે. મહેતા, સ્વ. શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી, શ્રી પ્રણુવ માટલીઆ, શ્રી મનસુખલાલ તારાચંદ મહેતા વગેરે એ સારો સહકાર આપ્યો હતો, તેમનો અમે ફરી અત્રે આભાર માનીએ છીએ અને તેમણે આપેલ સહકાર નવા વર્ષમાં ચાલુ રાખવા વિનંતી કરીએ છીએ.

પ્રકાશન સમિતિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ થવો જોઇએ. જે મનુષ્યો પોતાની યુવાવસ્થા ગરીબાઈમાં અને કંગાળીયતમાં વીતાવે છે. તેઓને વૃદ્ધાવસ્થામાં ગમે તેટલી સુખ-સંપત્તિ મળે તો પણ તેમાં તેમને બહુ આનંદ થતો નથી. મારી કહેવાની મતલબ એટલી જ છે કે યુવાસ્થાને જ જેમ બને તેમ ઉન્નત, સુખમય તથા સચ્ચરિત્ર બનાવો. કારણ કે માનવ-જીવનમાં એ જ એક અવસ્થા ઉત્તમ છે. આ ઉપરથી તમે સમજી શકયા હશો કે મનુષ્યોએ એકી સાથે બે કામો કરવા જોઇએ; પહેલું તો એ કે આપણે મહેનત કરી યોગ્યતા પ્રાપ્ત કરવી. અને ત્યાર પછી એ યોગ્યતાનો લાભ લઈ જીવનને સુખ શાંતિપૂર્વક વ્યતીત કરવું. મારી તો તમને એ જ ભલામણ છે કે તમે ખાસ કરીને અંગ્રેજી ભાષાનું, અને તેથી પણ વધારે તમારી માતૃભાષાનું સંપૂર્ણ જ્ઞાન પ્રાપ્ત કરો. બીજી ભલામણ એ છે કે જ્ઞાનમાં તમે જેમ જેમ આગળ વધતા જાઓ તેમ તેમ તમારા સદ્‌ગુણોને પણ કેળવતા જાઓ અને તમારી આસપાસનું મંડળ તમારા પ્રત્યે માન અને પ્રેમની દૃષ્ટિથી જુએ તેમ કરો. વાંચવામાં અને લખવામાં જ મનુષ્યની મહત્તા સમાપ્ત થાય છે એમ માની લેશો નહીં. સદાચાર અને શિષ્ટતા એ જ મનુષ્યને ઉત્કૃષ્ટતાની શ્રેણીમાં મુકે છે. મનુષ્યમાં વિદ્યા હોય પણ ગુણ ન હોય તો તે સંસારમાં આદર મેળવી શકતો નથી. એક મનુષ્ય ગમે તેટલો વિદ્યાવાન્ હોય પણ જો તેનામાં અવગુણો હોય તો તેને પોતાનેજ પોતાના જીવનમાં કશો આનદાનુભવ થતો નથી. સુખ એકલું વિદ્યાથી જ પ્રાપ્ત થતું નથી. **પણ વિદ્યાની સાથે જો સભ્યતા અને સંપત્તિ હોય તો જ જીવન સુખમય બની શકે છે.** એટલા માટે વિદ્વત્તાની સાથે સભ્યતા આદિ સદ્‌ગુણો પણ પ્રાપ્ત કરો.

આ સભ્યતા કેવી રીતે પ્રાપ્ત થાય. તે જો પૂછતા હો તો, મારે ફરીથી એજ એક વાત કહેવી પડશે કે ઉત્તમ ધાર્મિકગ્રન્થો વાંચો, મહાપુરુષના જીવનચરિત્રો વાંચો ને તેના ઉપર વિચાર કરો ને બુદ્ધિ દોડાવો અને સદ્‌ગુણી તથા દુર્ગુણી પુરૂષોનાં જીવનની ચડતી—પડતીનો અભ્યાસ કરો. આપણે આપણાં કર્તવ્યો જાણવાં અને ત્યાર બાદ તે કર્તવ્યને કરવાં. એજ જીવનનો મુખ્ય ઉદ્દેશ છે, સદાચાર સંબંધી દરેક ધર્મના પુસ્તકોનું વાંચન અને મનન ખૂબ કરવું જોઇએ તો તમને માનવજીવનના કર્તવ્યનું ઘણું ઉત્તમ જ્ઞાન પ્રાપ્ત થશે. સદાચારી પુરૂષોનાં અને સંત સમાગમમાં રહેવાથી પણ આપણને આપણા કર્તવ્યનું જ્ઞાન થાય છે. માટે અવકાશના સમયે ઉત્સાહી, સાહસી, ઉદ્યોગી, અનુભવી, સુપ્રખ્યાત તથા પ્રતિષ્ઠિતપુરૂષોનો પરિચય કરજો અને તેમના જીવનના અનુકરણીય અંશોને અનુસરજો. મૂર્ખ તથા દુર્ગુણી વિદ્યાર્થીઓની સંગત ન કરશો. કારણ કે તેનાથી તમને કાંઈ લાભ થવાને બદલે ઉલટી હાની જ થવાનો સંભવ છે.

જો તમે એવા મનુષ્યોનાં સહવાસમાં રહેવાને ભાગ્યશાળી થાઓ, કે જેમના સત્સંગથી લોકોમાં તમારૂં માન વધે. તમારા મનમાં ઉત્સાહ અને સાહસ ઉત્પન્ન થાય. વિદ્યા પ્રત્યેની તમારી રૂચિ જાગ્રત થાય અને સદ્‌ગુણી બનવાની ભાવના પ્રબળ થાય તો નિઃસંદેહ તમને તેથી બહુ લાભ થશે. પરંતુ આજકાલ એવા સત્પુરૂષો મળવા અસંભવિત છે. માટે પુસ્તકોને મિત્રનું સ્થાન આપ્યા વિના બીજો કાંઈ ઉપાય નથી, આ જમાનામાં તો પુસ્તક એ જ સર્વોત્તમ મિત્ર હોવો જોઇએ. સદ્ ગ્રંથો સિવાય તમારો સાચો હિતૈષી ભાગ્યે જ બીજો કોઈ હોવા યોગ્ય છે. બીજા કોઇને મિત્ર નહીં બનાવતાં પુસ્તકને જ તમારો આંતરિક મિત્ર સમજો. મિત્રતાને યોગ્ય એવો મનુષ્ય મળી આવવો બહુ મુશ્કેલ છે. મને મળવા આવનારાઓની સંખ્યા ઘણી મ્હોટી છે. પરંતુ તેમાં મારા મિત્ર તરીકે કોઇનું નામ આપી શકું એવી સ્થિતિમાં હું હજી મુકાયો નથી. અલબત સૌની સાથે હળીમળીને ચાલવું એ આપણી મુખ્ય ફરજ છે પણ કોઇની સાથે મિત્રતા બાંધવાનું જોખમ વ્હોરવું નહીં કારણ કે આપણો મિત્ર જો દુર્ગુણી અથવા અયોગ્ય હોય છે તો તેના દુર્ગુણોનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કિંવા અયોગ્યતાનો પટ આપણને લાગ્યા વિના રહેતો નથી અંગ્રેજીમાં એક એવી કહેવત છે કે "અમુક માણસ કેવો છે તે જાણવું હોય તો તેના મિત્રો કયા છે તે જાણવાનો પ્રયત્ન કરો." અર્થાત્ આપણા મિત્રની રહેણી કહેણી ઉપરથી લોકો આપણી રહેણી કહેણીનું જ અનુમાન કરે છે. આપણે ગમે તેટલા સદ્ગુણી હોઇએ; પણ જો આપણા મિત્રો દુર્ગુણી હોય તો લોકો આપણને પણ કલંક આપ્યા વિના રહેતા નથી. મને આટલી લાંબી ઉમ્મરમાં જો કોઇ મિત્ર નથી મળ્યો તો પછી તમને આટલી ઉછરતી અવસ્થામાં કોઈ મિત્ર મળી આવે એ બનવા યોગ્ય નથી મિત્રતાનો ખોટો દાવો કરી તમને કોઇ અમાર્ગે દોરી ન જાય એની સાવચેતી રાખવાની છે.

મનુષ્યોને માટે ત્રણ કર્તવ્યો મહાન્ જવાબદારી ભરેલાં છે. પ્રથમ તો એ કે જીવન પર્યંત પોતાની જાતનું અને પોતાના આશ્રિતોનું પાલન કરવું. જેઓ આ કર્તવ્યમાં નિષ્ફળ થાય છે તેઓને જીવનમાં સુખ કે શાંતિનો લેશ પણ આસ્વાદ મળતો નથી. સૌ પહેલાં આત્મહિતનું કર્તવ્ય કેવી રીતે સિદ્ધ થાય તેનો વિચાર કરવો અને ત્યાર બાદ અન્ય જીવોની સાથે અર્થાત મનુષ્ય બંધુઓ તથા પશુ પ્રાણીઓ સાથે કેવી રીતનો વ્યવહાર રાખવો, તેનો નિર્મળ નિર્ણય કરવો જોઇએ. તે પછી પરમાત્માના ગુણોનું કીર્તન કરવાનો તથા પરમાત્માની પાસે પહોંચવાનો વિવેકપૂર્વક નિર્ણય કરવો યોગ્ય છે.

પ્રિય પુત્ર! હવે તમારા જીવનનો પ્રારંભ થઈ ચૂકયો છે. તમે સંસારના વિશાળ ક્ષેત્રમાં વીરતા અને ધીરતાપૂર્વક પ્રવેસ કરો એવી મારી ઇચ્છા છે. તમે તમારા પોતાના બાહુબળ ઉપર આધાર રાખી મનુષ્ય તરીકેનું ગૌરવ પ્રાપ્ત કરવા પ્રયત્ન કરજો તમે તમારૂં પોતાનું કલ્યાણ સાધો તેની સાથે તમારા અન્ય માનવ બંધુઓ પણ કલ્યાણના માર્ગ તરફ ગતિ કરે એની કાળજી રાખજો, નીચ અને તિરસ્કરણીય જીવનથી સદા અળગા રહેજો "મારાથી મારા બન્ધુઓનું સગાસંબંધીઓનું કેવી રીતે હિત થાય" એવી સદા ભાવના રાખજો. ટુંકાણમાં તમે તમારી જાતિને તથા દેશને કોઇપણ રીતે ઉપયોગી થઈ શકો તેવો પ્રયત્ન કરજો. એક નીતિ કાવ્યમાં કહ્યું છે કે—

**परिवर्तिनि संसारे मृतः को वा न जायते**
**स जातो येन जातेन याति वंशः समुन्नतिम् ॥१॥**

અર્થાત્—આ નિત્ય પરિવર્તન પામતા સંસારમાં કોણ જન્મતું અને મરતું નથી? પરંતુ તેનો જ જન્મ સાર્થક લેખાય છે કે જેના વડે જાતિની ને કુળની ઉન્નતિ થાય. પ્રિય પુત્ર! તમે તમારો જન્મ સફળ કરો અને તે માટે પરમાત્મા તમને શક્તિમાન કરો એજ મારી આશિષ છે. જીવન ધન્ય બનાવો તોજ **"માનવ જીવનની ત્રણે અવસ્થા સાર્થક ગણાય"** ૐ અસ્તુ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

"જ્યાં ત્યાંથી રાગદ્વેષ રહિત થવું એ જ મારો ધર્મ છે."

શ્રીમદ્ રાજચંદ્રજી

આત્માનો ધર્મ આત્મમાં છે.

# ★ આત્મ ધર્મ ★

ઉપયોગ ત્યાં ધર્મ છે.

લેખકઃ—અમરચંદ માવજી શાહ

**"દયા શાંતિ સમતા, ક્ષમા, સત્ય, ત્યાગ, વૈરાગ્ય,**
**હોય મુમુક્ષુ ઘટ વિષે, એહ સદા સુજાગ્ય."**

**[ આત્મસિદ્ધિ શાસ્ત્ર ]**

જે મુમુક્ષુ એટલે જે આત્માર્થ સાધવાને માટે ઉત્સુક છે, જે ભવથી ભય પામ્યો છે, જેને જીવનને સત્પુરુષના, મહત્ પુરુષના પંથે પ્રયાણ કરવાની તીવ્ર જિજ્ઞાસાઓ થઈ છે, તે આત્મામાં, તે જિજ્ઞાસુમાં ઉપરોક્ત ભાવનાઓ અવશ્ય હોવી ઘટે. તેનાં ઘટમાં, અંતરમાં એ જાગ્રતિ-ઉપયોગ જાગ્રત રહેવો જોઈએ તો જ તે આત્માર્થી. સમ્યગ દર્શન, જ્ઞાન, ચારિત્રની આરાધના કરી શકે અને આત્મ સ્વરૂપને આત્મ સિદ્ધિને પ્રાપ્ત કરી શકે.

પ્રથમ સ્થાન **દયાનું** પ્રાપ્ત છે. જ્યાં દયા ન હોય ત્યાં અન્ય ગુણો ન હોય, દયા એ આત્મ બગીચાને નવપલ્લવિત કરનાર ઝરણું છે. ભગવાન મહાવીર સ્વામી દયાના, કરુણાનાં ભંડાર હતા. ધર્મના નામે યજ્ઞમાં દેવદેવીઓ સમક્ષ અજ્ઞાનતાથી અપાતાં મુંગા જીવોનાં બલિદાનોથી, તે મહાન આત્માના દિલમાં વેદના જાગી હતી અને એ બલિદાનો બંધ કરાવવા, પોતાનો પુરુષાર્થ ધર્મ સ્ફોરવ્યો હતો. જેમને આત્મ મુક્તિ પ્રાપ્ત કરવી છે, યોગ સાધના કરવી છે, તેમને યોગના પ્રથમ અંગ પાંચ યમમાં પહેલું સૂત્ર અહિંસા છે. જ્યારે જગતનાં સકળ જીવાત્માઓ પ્રત્યે આત્મીય ભાવ, સર્વ જીવને પોતાના આત્મા સમાન જાણી કોઈ પણ જીવની હિંસા, મન, વચન, કાયાથી ન કરવાની ભાવના પ્રગટે, કોઈ પણ જીવને પોતાના યોગથી દુઃખ ન થાય એમ વર્તન કરવામાં આવે, ત્યારે જ તે આત્મા મહાત્મા પદને યોગ્ય બને છે. નિર્દય આત્મામાં સદ્ધર્મનું સ્થાન હોતું નથી. માટે મુમુક્ષુ આત્માઓએ પ્રથમ અંતરમાં દયાની દિવ્ય જ્યોત પ્રગટાવવી જોઈએ.

જેમને આત્મસિદ્ધિ પ્રાપ્ત કરવી હોય, તેમને માટે **'શાંતિ'** એ એક જ એવો વિહંગમ માર્ગ છે કે, એ દ્વારા એ ઘણી ઝડપથી આત્માનો વિકાસ સાધી શકે. એ શાંતિ, જ્યારે ચિત્તમાં પ્રસન્નતા હોય, સ્થિરતા હોય ત્યારે જ રહી શકે. જ્યાં સુધી સંસારનાં વ્યવહારનાં, પરભાવનાં, પરદ્રવ્યનાં સંકલ્પ વિકલ્પોમાં આત્મા મુંઝાયો હોય. અટવાયો હોય, રાગ–દ્વેષ ઈષ્ટ અનિષ્ટના દ્વંદ્વમાં સપડાયો હોય ત્યાં સુધી તેને સાચી શાંતિનાં દર્શન થતાં નથી. જ્યાં સુધી ભ્રાંતિ છે ત્યાં સુધી શાંતિની સાધના સાર્થક થતી નથી. એ ભ્રાંતિ જ્યારે આત્મજ્ઞાનની જ્યોત અંતરમાં પ્રગટે, વિવેકીજ્ઞાન–ભેદજ્ઞાનની દ્રષ્ટિથી સ્વ અને પર ચેતન અને જડને જાણે, તેની શ્રદ્ધા કરે; આસક્તિ તૃષ્ણા જે જીવને સંસારમાં મુંઝવી રહી છે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરંતુ વાસ્તવિક રીતે એ પરવસ્તુ દેહાદિક કોઇ વસ્તુ આપણી નથી. સંયોગથી મળે છે અને વિયોગથી જાય છે, તેમાં હર્ષ કે શોક ન કરતાં તેવા સમયમાં ચિત્તની સ્થિરતા રહે, પ્રસન્નતા રહે, આનંદ રહે ત્યારે સાચી શાંતિ પ્રગટી છે તેમ ગણાય. જે જે મહા પુરૂષો પરમ-પદને પ્રાપ્ત થયા છે એ એક શાંતિની સાધના કરીનેજ. ભગવાન મહાવીર સ્વામીના મહાભિનિષ્ક્રમણના સમયમાં અનેક જાતના ઉપસર્ગો નડ્યા છે છતાં તેમણે શાંતિ–ચિત્તની પ્રસન્નતા પ્રગટાવી રાખી છે. ઇન્દ્રને આ ઉપ-સર્ગો ભગવાન ઉપર થતા જોઈ દુઃખ થયું, છતાં ભગવાને શું કહ્યું, "જે જે કર્મો આ આત્માએ કરેલા છે તે તેણે જ ભોગવવા જોઇએ." જો ઇન્દ્ર નિવારણ કરે તો કર્મની નિર્જરા ન થાય. માન અપ-માન આદી અનેક પરિષહોને સહન કરનાર એ વીર પરમ શાંતિને પામ્યા. શાંતિ એ પરમ તપ છે. શાંતિ એ ચારિત્ર છે, શાંતિથી જ કર્મની નિર્જરા થાય છે.

**સમતા** સમભાવમાં આત્માને સ્થિર કરવા માટે, 'અહમ્ અને મમ ' હું અને મારૂં એવા વિપરીત ભાવમાંથી નાહમ્ ને નામમ એવા પવિત્ર ભાવમાં આત્માને ઉચ્ચ ભૂમિકા ઉપર ચડાવવા માટે સમતા એક પરમ યોગ છે. જ્યાં સમતા આવી ત્યાં મમતા ટળી.

**"સમતા મળે ને મમતા ગળે**
**જન્મ મરણની ચિંતા ટળે."**

મમત્વભાવથી જ આ સંસારમાં આત્મા ફસાઈ રહ્યો છે અને દુઃખી થઈ રહ્યો છે. પોતાનું જે નથી એને પોતાનું માની વળગી રહેવું અને જે પોતાનું છે તેને ભૂલી જવું એનું નામ મમતા. સમતાથી નિર્ભયત્વ ભાવની પ્રાપ્તિ થાય છે. ગમે તેવા પ્રસંગમાં ચિત્તમાં હૃદયમાં સમતાનો દીવડો પ્રગટી રહે, તો તેને ક્રોધાદિ કષાયો કાંઈ પણ કરી શકતા નથી. જેને ઉપ-શમ પ્રાપ્ત છે તેને એ નિમિત્તે થતાં કર્માશ્રવોનો સંવર થાય છે. ભગવાને સમતાને જ સામાયિક કહ્યું છે. એ સમતા આપણને ભગવાન મહાવીર સ્વામીના સાધન-કાળમાં ખુબખુબ જોવા મળે છે. ગોશાળાએ તેજો-લેશ્યાથી તેમના બે શિષ્યોને બાળી નાખ્યા. છતાં ભગ-વાન સમતામાં નિમગ્ન છે. બીલકુલ, ક્રોધને વશ થતા નથી અને શિષ્ય ઉપરનમમત્વભાવને ન વશ થતા, ગોશાળાને કાંઈ પણ નહિ કહેતાં સમતાભાવમાં સ્થીર રહે છે ત્યાંજ ખરી કસોટી છે.

**ક્ષમા**, નિર્વૈર, બુદ્ધિ, જગતનાં જીવમાત્ર પ્રત્યે મૈત્રીભાવ, આત્મિયભાવ શ્રીમદ્ રાજચંદ્રજીએ કહ્યું છે કે, "ક્ષમા એ મોક્ષનો ભવ્ય દરવાજો છે." એટલે આત્મમુક્તિ માટે ક્ષમા એક અનુપમ ધર્મ છે. ક્ષમાથી ક્રોધની શાંતિ થાય છે, ક્ષમા હોય ત્યાં સમતા તો હોય જ. સમતા હોય ત્યાં શાંતિ પણ હોય જ, અને એ બધાયમાં "આત્મવત્ સર્વ ભૂતેષુ 'ની ભવ્ય ભાવના-વાળી દયા તો હોય જ. એટલે આ બધા ગુણો એક-બીજાનાં પુરક છે. જીવનમાં જે વૈર–વિરોધી–લડાઇ ટંટા આદી અનેક અનર્થકારક અને દુઃખદ પરિણામોનો અંત આવી જાય, જનમ્યા પછી મરવાનું અવશ્ય છે તો વૈર કયા ભવને માટે કરવું છે. વૈરનો વિષવેલો વધારીને આ સંસારનો રેંટીઓ અનંતાકાળથી ચાલુ છે અને હણવું ને હણાવું એ દ્વંદ્વમાં આ આત્માને કદાપી સાચી શાંતિ સાંપડી નથી. જેના હૃદયમાં ક્ષમા નથી તે મુમુક્ષુ થવાને લાયક નથી. 'ક્ષમા વીરસ્ય ભૂષણમ્' ક્ષમા એ વીરનું ભૂષણ છે. ભગવાન મહા-વીર સ્વામીને ચંડકૌશિક ડંખ દે છે. ભગવાન નિષ્કામ કરુણાથી, તેને ઉપદેશ આપે છે. અને બુઝવે છે. ભગ-વાનને ઉપસર્ગ કરનાર સંગમદેવ ઉપર ભગવાન કૃપા-દૃષ્ટિ જ રાખે છે. કોપ કરતા નથી અને દયાર્દ્ર પરિ-ણામથી ભગવાનની ચક્ષુમાંથી અશ્રુ ચાલ્યા જાય છે. અરે! આ સંગમનું શું થશે? કેવી ભવ્ય, ક્ષમા! દયા, શાંતિ ને સમતા! કષાયોથી સંસાર છે. તેમાં ક્રોધ એ કષાયમાં સર્વોપરી છે. જેણે ક્રોધને જીતીને ક્ષમાનું શરણ લીધું તે સંસાર સાગર જલ્દીથી તરી જવાનો. ક્ષમા એ કૃત્રિમ આપ–લેનું સાધન નથી. પરંતુ આત્માનાં આર્દ્ર પરિણામોથી બિજાય કોઇની સાથે વૈર ન રહે તેવી ભવ્ય ભાવનાથી પ્રેરાઈ ક્ષમા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપવી ને લેવી જોઈએ. ખામેમી સવ્વજીવે-સર્વ જીવોને હું ક્ષમાવું છું. સવ્વેજીવા ખમંતુમે-સર્વ જીવો મને ક્ષમા આપો. મિત્તિમે સવ્વ ભૂએસુ આ જગતનાં સર્વ જીવો પ્રત્યે મને મૈત્રીભાવ છે. વેર મજ્ઝન કેણઇ-મને કોઇ પણ જીવાત્મા સાથે વેરભાવ નથી. આવી ભવ્ય ભાવના આપણે રોજ ભાવીએ છીએ પરંતુ જો તે ભાવના જ્ઞાનમય, શુદ્ધ હૃદયથી આચરણમાં આવી જાય તો આ એક જ ગાથા આખા સંસારને સ્વર્ગ બનાવી શકે અને સકળ સન્મિત્રતા વધે. સૌ જીવો સુખેથી જીવી શકે. "શિવમસ્તુ સર્વ જગતઃ સૌ જીવો સુખી થાઓ. પરહિત નિરતા ભવંતુ ભૂતગણાઃ સકળ જીવોનું હિત સચવાય તેવી આચરણા કરો.

**સત્ય** એટલે પ્રકાશ, સત્ય એટલે સૂર્ય, સત્ય એટલે આત્માનું શુદ્ધ સ્વરૂપ, સત ચિદાનંદ સ્વરૂપ. જેનું ત્રિકાળ હોવાપણું તે સત્ય. આત્માનું ત્રિકાળ હોવાપણું છે. આ આત્મા હતો, છે, ને હશે એનો કોઈ કાળે નાશ નથી. ફક્ત પર્યાય બદલાય છે. આવો સત્ સ્વરૂપ આત્મા સંસારમાં અજ્ઞાનતાથી અસત્ પ્રવૃત્તિમાં અટવાઈ ગયો છે, મોહથી ભાન ભૂલી ગયો છે, અને એક અસતમાંથી અનેક અનિષ્ટોનો ભોગ બન્યો છે. ખોટું બોલી રહ્યો છે, ખોટું આચરી રહ્યો છે, ખોટા કર્મ કરી રહ્યો છે, આત્મધર્મને વિસરી રહ્યો છે. જ્યારે તે પોતામાં આનંદમય, શુદ્ધ સત સ્વરૂપ તરફ જવાનો જિજ્ઞાસુ બન્ને છે ત્યારે તેણે "સત્યમ શીવમ સુંદરમ"નું શરણું જ પરમ હિતકારી છે. 'સત્ય મેવ જયતે' હંમેશાં સત્યનો જ જય થાય છે "ત્યાગ વૈરાગ્ય ન ચિત્તમાં, થાય ન તેને જ્ઞાન" (આત્મસિદ્ધિ).

**ત્યાગ**-જ્યાં સુધી આ આત્મા પરિગ્રહ પ્રપંચમાં મોહનાં લીધે હું ને મારૂં એવી અહં બુદ્ધિમાં રાચે છે, પરને પોતાનું માને છે અને સ્વને ભૂલી જાય છે, અને સંસારમાં રાચીમાચીને રહે છે. અને જન્મ જરા મરણ, આધિ, વ્યાધિ, ઉપાધિમાં દુઃખની પરંપરાને અનાદિકાળથી ભોગવી રહ્યો છે, જ્યારે એ મોહનો પડદો દૂર કરી, ત્યાગ માર્ગ ઉપર આવે તો જ તેને આત્મધર્મનો માર્ગ મળે. સંસારમાં રાચવુ ને મોક્ષમાં જવું એ બન્ને સાથે ન જ બને. જ્યારે અનાસક્તિ ભાવ પ્રગટે ત્યારે જ ત્યાગ દેદીપ્યમાન થાય.

**વૈરાગ્ય** એ ત્યાગની ધમણને પ્રજવલિત કરવા માટેનું મહાન સાધન છે. સંસારનાં સ્વરૂપને એકાંત દુઃખરૂપ જ્યારે જાણે ત્યારે તે તેનાથી વિરમવા, ઉદાસભાવને ભજે. સ્ત્રી ધન-કુટુંબ ઘર વિ. માંથી જેને મમત્વ ભાવ ઘટે, ત્યારે જ તેને વૈરાગ્ય ભાવ પ્રગટે દુઃખમાં વૈરાગ્ય વધારે થાય છે પણ તે ક્ષણિક હોય છે. પણ જે જ્ઞાનથી વૈરાગ્ય થાય છે તે ચીરંજીવી હોય છે. એ વૈરાગ્ય ત્યાગને પંથે દોરી જાય છે. પરભાવ, દ્રવ્યનાં ત્યાગથી, વિષય, કષાય એટલે પાંચ ઈન્દ્રિયોનાં વિષયોમાં અનાસક્તિ અને ક્રોધ-માન માયા લોભની નિવૃત્તિ દ્વારા સમતારસનો અમૃત સ્વાદ આત્મા ચાખે છે. પરમ શાંતિમાં સ્થીર થાય છે. ક્ષમા-અહિંસાથી સર્વ જીવાત્માઓ પ્રત્યે પરમ મૈત્રીભાવ પ્રગટાવી નિર્વૈર બુદ્ધિ ધારણ કરી કૃત કૃત્ય થાય છે. "શુદ્ધ બુદ્ધ ચૈતન્ય ઘન સ્વયં જ્યોતિ સુખધામ"ને પ્રાપ્ત કરવા ભાગ્યશાળી થાય છે. આવા પરમ ગુણોને આત્મા ધારણ કરી, અર્પણતાના ભાવો જગાવી જિજ્ઞાસુદૃષ્ટિથી જે એ ભાવોને અંતરમાં પચાવશે તે આત્મધર્મને સહજ પ્રાપ્ત કરશે.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શું 'મૃત્યુ'એ અક્ષરો જણાતા નથી ?

( લેખક–**સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ, માલેગામ** )

દરેક માણુસ તો શું પણુ જીવ માત્ર જન્મે છે ત્યારે જ તેના કપાળમાં 'મૃત્યુ' એ અક્ષરો સ્પષ્ટ અને જાડા અક્ષરે અંકિત કરાએલા હોય છે. કારણુ આયુકર્મ એ પાછળના ભવથી જ પોતાની સાથે એ લખાવી લાવેલો હોય છે. માણુસને તો તેનું જ્ઞાન સ્વાનુભવથી મળી ગએલું હોય છે. કારણુ નિત્ય નજર સામે એ અનેકોના મૃત્યુ પોતાની સગી આંખે નિહાળે છે. પોતાના મૃત્યુની તારીખ આપણે જાણુતા ન હોઇએ પણુ એ લખાઇ ચુકેલી છે એ સહુ કોઇ સમજે અને અને જાણે છે. એ જાણુવા માટે ઝીણી કે પ્રખર બુદ્ધિનો ઉપયોગ કરવાની જરૂર હોતી નથી. એક ગામડીઓ અણુઘડ અને અભણુ માણુસ પણુ એ મૃત્યુને ઓળખે છે, આ શરીર એટલે અમુક દિવસના ભાડે આપણે રાખેલું છે. જેમ અમુક પ્રવાસ માટે કોઈ વાહન આપણે ભાડે રાખીએ અને આપણે આપણો પ્રવાસ પૂરો થતાં છોડવું પડે છે અને જેમ આપણો પ્રવાસ પૂરો થતાં વાહનનું શું થશે એની ફીકર આપણે રાખતા નથી, તેમ આ ભવનો આપણો પ્રવાસ પુરો થતાં અર્થાત્ જેને આપણે મૃત્યુ એવુ નામ આપીએ છીએ તે આવી લાગતા આપણે ઇચ્છાએ કે અનિચ્છાએ આ શરીરને ભાડે લાવેલા વાહનની પેઠે તજી દઇએ છીએ. ત્યારપછી આ શરીર ઉપર આપણે મમત્વભાવ રાખી શકતા નથી. એ શરીર પછી સડી જાય કે ગળી જાય, બળી જાય કે વહી જાય એની સાથે આપણો કાંઇ સંબંધ રહેતો નથી.

જે શરીરને આપણે ખૂબ પાળ્યું પોષ્યું, જેના આપણે ખૂબ લાડ લડાવ્યા, અને તેના રક્ષણુ માટે આપણે ઘણી મહેનત ઉઠાવી તેજ શરીર આપણે જાણીએ છીએ કે આખરે નષ્ટભ્રષ્ટ થઈ જવાનું છે, ત્યારે આપણે તેનો વધારેમાં વધારે સારો ઉપયોગ કેમ કરી ન લઇએ ?

આપણા શરીરની આખરે આવી દશા થવાની છે એ આપણે જાણુવા છતાં આપણી આંખ ઉપર એક જાતનું પડલ આવી જાય છે. જે વસ્તુ આંખ આગળ નિત્ય તરવરિત થવી જોઇએ; તેને જ આપણે ભૂલી જઇએ છીએ. અને આપણે જાણે અમરપત્ર મેળવી લીધેલું હોય એમ આપણું વર્તન રાખીએ છીએ. મરણુને આપણે સર્વથા ભૂલી જ જઈએ છીએ. અને આપણે મરવાનું છે જ નહીં એમ સમજી આપણી બધી આચરણા કરીએ છીએ. ક્રોધ, લોભ, ઈર્ષ્યા, અહંકારમાં સડતા રહી કારણુ વિના પાપ બાંધતા અચકાતા નથી. એક સુભાષિતકારે સાચે જ કહ્યું છે કેઃ–

**ललाटे लिखितं यस्य मृत्युरित्यक्षरद्वयम् ।**
**स कथं कुरुते पापं समस्तक्लेशदायकम् ॥**

અર્થાત્ જેના કપાળમાં 'મૃત્યુ' એ બે અક્ષરો લખેલા હોય તે બધા દુઃખોને આપનારૂ પાપ શી રીતે કરતા હશે ? આ પ્રશ્નથી કવિને શંકા થાય છે કે, જગતમાં આવા અજાણુ માણુસો હોઇજ કેમ શકે ? આપણે જ્યારે રસ્તે ચાલતા ખાડો જોતા હોઇએ ત્યારે જાણી જોઇને ખાડામાં થોડી પણુ સમજણુવાળો માણુસ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પડે જ કેમ? મૃત્યુ નામનો રાક્ષસ સામો જણાતો હોય ત્યારે તો તેના ડરથી માણસે બને તો કાંઈક પુણ્યકાર્ય કરવું જોઈએ. તેને બદલે જાણે મૃત્યુ આવશે જ નહિં એમ સમજી પાપ કરતો જનારો માણસ જોઈ કવિના આશ્ચર્યનો પાર રહેતો નથી! હમણાજ મૃત્યુ આવશે એવુ જે સમજી જાય છે તે માણસ ગભરાઈ પ્રભુનુ નામસ્મરણ કરે, અને પોતે આચરેલા ખોટા કામોનો પશ્ચાત્તાપ કરે, ક્ષમાની યાચના કરે, પોતાના સગાસ્નેહીઓનો અંતિમ ભેટો લઈ શાંતિપૂર્વક આ શરીરરૂપી કલેવર છોડવા પ્રયત્યન કરે પણ આમાં તો મોટો 'જોતો' સમાએલો છે! મૃત્યુનો પ્રત્યક્ષ દેખાવ જોવામાં આવે તો જ આપણે એમ કરવાના! આપણને ખાત્રી છે કે, એમ મૃત્યુ કહીને આવતું નથી. એ તો આપણી કર્મજનિત યોજના અને સંકેતને અનુસરીને આવવાનું છે. એ તો ધૂમધામ કરતું આંખના પલકારામાં આવે અગર બીલાડીના પગલે જરાએ કલ્પના વિના આવી ઉભું રહે. એ તો કોઇ રોગને આગળ કરી આવે કે અકસ્માતના માર્ગે પણ આવે. એનો કોઈ ભરૂસો રાખી નિશ્ચિંત રહી જ ન શકે. આપણે તો કમરકશી સદાસર્વકાળ સજ્જ રહેવુ જોઇએ. જે જન પુણ્ય કરતો હોય એને મૃત્યુ ડરાવી શકતું નથી. પુણ્યવાન માણુસ તો આવતો ભવ પોતાની આત્મસાધના કરવા માટે વધારે અનુકૂલ શરીર પેદા કરી આવે. ડર હોય તે પાપી માનવને! મારૂં કેમ થશે? આ કેમ છોડુ ને પેલુ કેમ મૂકુ, એ ભીતિને માથા ફોડ પાપીને માટે જ હોય. કોઇ કહે કે સામુ આમંત્રણ આપે, મૃત્યુને તો પોતાનું કામ કરવાનું હોય છે. એને કોઈનું કામ પુરૂ થયુ છે કે અધરૂ રહ્યું છે, એ જોવાની ફુરસદ જ કયાં છે! આપણા દરેક કાર્યમાં આપણી નજર સામે અરિહંત પ્રભુ જ રમતા હોય, આપણા મુખમાંથી અરિહંત ભગવંતનું નામ નિકળતું હોય, આપણી રગેરગમાં ને દરેક લોહીના બિંદુમાં અરિહંતનું નામ ઓતપ્રોત થએલુ હોય તો મૃત્યુ ગમે ત્યારે આવે એની આપણે ફીકર રાખવાની શામાટે જરૂર હોય!

પણ આમ થતું નથી. મૃત્યુએ પોતાની જાહેરાત અનેક રૂપે અનેક માર્ગોથી કરેલી હોવા છતાં અને આપણીનજર સામે નિત્ય મૃત્યુની ઘટનાઓ ચાલતી હોવા છતાં આપણે જાણે મૃત્યુ આપણા માટે હોય જ નહી એવી ભ્રમણામાં નિશ્ચિત રહીએ છીએ. મરે તે બીજા આપણે નહી. એવી બાલિશ કલ્પના કરી નિશ્ચિંત ગમે તેવા પાપ કર્મો કરતા આપણે લાજતા નથી, એ આશ્ચર્ય છે!

આમ થવાનું કાંઈ કારણ હોય તો તે મોહરાજાએ આપણા આત્માને હંમેશને માટે નશામાં રાખેલો છે અને એ નશામાં આપણે મૃત્યુને ભૂલી જઇએ છીએ. મૃત્યુ આપણે સીધા ચાલતા રહીએ તે માટે જાણે પોલીસનું કાર્ય કરે છે. આપણને ચેતાવતું રહે છે. આપણે ભૂલ ન કરીએ તે માટે આપણને સજાગ રાખવાનું કાર્ય કરે છે. પણ આપણી ભ્રમણા આપણને સીધા માર્ગે જતા અટકાવતી રહે છે. પાપાચરણ કરતી વખતે આપણી આંખ બંધ થઈ જાય છે. આપણા કાન બંધ થઈ જાય છે આપણું મન કામ, ક્રોધ, મદ, મોહ, લોભ વિગેરે મોહરાજાના દૂતો આગળ હતપ્રભ થઈ પરવશપણે વર્તવા માંડે છે. ત્યારે મૃત્યુ ભૂલાઇ જાય એમાં નવાઈ શી?

કોઇક વખતે આપણને જરા જેવી જાગૃતિ આવી જાય છે. અને આપણે આ શું કરી બેઠા? એમ લાગવા માંડે છે, પણ આમ વિચાર આવે છે ત્યારે ઘણું મોડુ થઇ ગએલુ હોય છે. જ્યારે આપણા હાથે કાંઈક અનુચિત કાર્ય થવાનો પ્રસંગ ઉપસ્થિત થાય છે ત્યારે જ બરાબર આપણી આંખ સામે આવરણ છવાઈ જાય છે. અને આપણે મૃત્યુને તદ્દન ભૂલી જ જઇએ છીએ. એને જ મોહરાજાનું આપણી ઉપર ચાલતુ સામ્રાજ્ય કહી શકાય. જ્ઞાની લોકોની સ્થિતિ એથી તદ્દન ઉલટી હોય છે. એમના મન ઉપર જ્યારે ક્રોધ, લોભ, મત્સર વિગેરે વિકારો રૂપી શીઆળો પોતાનો અડ્ડો જમાવવા પ્રયત્ન કરે છે, ત્યાર એમના અંતઃકરણમાં વિવેકનો સિંહ તરત જ જાગૃત થાય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# માણિકચ દેવસૂરિની અનુપલબ્ધ કૃતિઓ

( લે. પ્રો. હીરાલાલ ર. કાપડીયા એમ.એ. )

અત્યાર સુધીમાં જેટલું સાહિત્ય રચાયું છે તે સર્વાંશે જળવાઇ રહ્યું નથી, કયા લેખકનું કેટલું સાહિત્ય છે તે ચેક્કસ જાણવા માટે દરેક વખતે યોગ્ય સાધન મળી રહે એ લગભગ અશક્ય છે. કોઈ કોઈ લેખકે એક કરતાં વધારે કૃતિ રચી હોય તો એ બનવાજોગ છે કે એ પોતાની કોઈ કૃતિમાં સ્વરચિત અન્ય કૃતિનો જરૂર જણાતાં ઉલ્લેખ કરે. આવું કાર્ય ‘ વટ ’ ( બડ ) ગચ્છના **માણિક્યદેવસૂરિએ** કર્યું છે એમ એમની પદ્યાત્મક રચના નામે **નલાયન** જોતાં જણાય છે, આ **નલાયનને** કુબેરપુરાણ તેમજ શુકપાઠ પણ કહે છે. એમાં દસ સ્કંધ છે. એને અંગેની પ્રશસ્તિ ઉપરથી આપણે **નલાયન** ઉપરાંતની ચાર કૃતિનાં નામ જાણી શકીએ છીએ. એ ચાર કૃતિનાં નામ અને એને લગતા ઉલ્લેખનાં સ્થળો નીચે મુજબ છે:—

| નામ | સ્થળ |
|---|---|
| (૧) અનુભવસાર વિધિ | સ્કંધ ૭, સર્ગ ૬, શ્લો ૫૩, પત્ર ૧૭૭ |
| (૨) પંચનાટક | સ્કંધ ૯, સર્ગ ૪, શ્લો ૩૬. પત્ર ૧૮૩ |

છે. અને ગર્જના કરી એમના આત્માને ચેતવણી આપે છે. અને વિકારોને પાછળ હઠાવે છે, આપણે માત્ર એ સિંહને સતત સુઈ રહેવા દઇએ છીએ. આપણામાં અને જ્ઞાનીઓમાં આવો ફેર હોય છે.

એટલા માટે જ જ્ઞાની મહાત્માઓ આપણને મૃત્યુને સતત નજર સામે ઉભો રાખી પોતાનું કર્તવ્ય પાલન કરવા સૂચવે છે. મૃત્યુને ભૂલાય છે એટલે ભીંત ભૂલાય છે. આપણા કપાળમાં લખેલા ‘મૃત્યુ’ એ બે અક્ષરો જો આપણે જોઇ શકતા ન હોઇએ તો આપણા ઘરમાં જ્યાં આપણી નજર વારે ઘડી જતી હોય ત્યાં **मरणं प्रकृतिः शरीरिणाम्** એ અક્ષરો લખી રાખવા જોઇએ, જેથી આપણે મૃત્યુનું વિસ્મરણ ન થાય. કારણે જેમણે શરીર ધારણ કરેલુ હોય છે તેનો સ્વભાવ જ મરણનો હોય છે. જે જન્મે તે મરવાનો જ એ ત્રિકાળાબાધિત સિદ્ધાંત છે. જન્મ્યો છતાં મર્યો જ નહીં એવો કોઈ અત્યાર સુધી થયો નથી અને થવાનો પણ નથી ત્યારે આ શરીરનો આટલો મોહ માણુસ શા માટે રાખતો હશે ? અને એ ક્ષણભંગુર શરીરની વાસનાઓ પોશવા માટે અને ક્ષણવારના ભ્રાંતિજન્ય સુખ માટે શા માટે પાપ કરતો હશે ? એનું જ્ઞાનીઓને આશ્ચર્ય થાય છે. ઇંદ્રિઓના સુખો તો ક્ષણજીવી ભાસમાન હોય છે. એ કેટલી વાર ટકે ? ઘડી પછી તો એ સુખદુઃખના રૂપમાં પરિણમે છે, એ દેખીતુ છે. આ વસ્તુસ્થિતિ છે અને આપણે માનિએ અને અનુભવિએ પણ છીએ. માટે જ માણસે આપણામા એ મૃત્યુની ઉઘાડી અને લટકતી તલવાર હમેશ તૈયાર જ છે એ જાણી યત્કિંચિત જણાતા નાના પાપથી પણ ડરવુ જોઇએ.

આપણા મનથી વચનથી અને શરીરથી કોઈ પણ જીવને દુઃખ ન થાય તેની તકેદારી રાખવી જોઇએ. જરા જરા વાતમાં આપણે ગુસ્સો કરીએ, અભદ્ર શબ્દો મુખેથી બોલીએ, નીતિબાહ્ય વર્તન કરીએ, અન્યાયથી દ્રવ્યોપાર્જન કરીએ કે એના કોઈ ખોટા કામો કરીએ ત્યારે મૃત્યુનું સ્મરણ આપણને થઈ જાય તો આપણે એવા કામો કરતા અટકીએ ‘ મૃત્યુ ’એ બે અક્ષરોનો એ જ સંદેશ છે એમ જાણી આપણે સાવચેત રહેવુ એ જ શુભેચ્છા !

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૩) મુનિ-મનોહર
(૪) યશોધર ચરિત્ર

આમ જે પાંચ કૃતિઓ રચાઇ છે તે પૈકી **નલાયન** "શ્રી યશોવિજય જૈન ગ્રંથમાલા"માં ઇ. સ. ૧૯૩૭માં પ્રસિદ્ધ કરાઈ છે. **યશોધરચરિત્ર** પં. હીરાલાલ હંસરાજે જામનગરથી ઇ. સ. ૧૯૧૦માં છપાવ્યું છે. એમાં મંગલાર્થે નીચે મુજબનું પદ્ય જોવાય છે:-

**"करामलकवद् विश्वं कलयन् केवलश्रिया।**
**अचिन्त्यमाहात्म्यनिधिः सुविधिर्बोधयेस्तु वः॥"**

આ સકલાર્હત્સ્તોત્રનું અગિયારમું પદ્ય છે.

બાકીની કૃતિઓનો વિચાર કરાય તે પૂર્વે **જૈ. સા. સં. ઈ.** (પૃ. ૬૧૩)માંની નીચેની કંડિકા હું અહીં ઉદ્ધૃત કરું છું:-

"સારો ભાવાનુવાદ પદ્યબંધ શિષ્ટ શૈલીમાં નયસુંદરે માણિક્યસુંદરસૂરિકૃત સંસ્કૃત કાવ્ય નામે **નલાયન** અથવા કુબેરપુરાણને કુશળતાથી અનુસરીને રચી પૂરો પાડ્યો છે."

આ ઉપરથી બે બાબત નોંધવા જેવી જણાય છે:-
(૧) **નલાયન**ના કર્તાનું નામ માણિક્યસુંદરસૂરિ છે, નહિ કે **નલાયન**ના સ્કંધોની પ્રશસ્તિમાં દર્શાવાયેલું માણિક્યદેવસૂરિ. માણિક્યસુંદરસૂરિ એ નામ કયા આધારે દર્શાવાયું છે તે જાણવું બાકી રહે છે.
(૨) **નલાયન**નો પદ્યાત્મક ભાવાનુવાદ ગુજરાતીમાં નયસુંદરે કર્યો છે.

એ છપાવાય તો તેની સાથે સાથે અથવા તો એ પૂર્વે **નલાયન**નો અને ત્યાં સુધી અક્ષરશઃ ગુજરાતી અનુવાદ તૈયાર કરાવવો અને તે છપાવવો ઘટે.

**જિનરત્નકોશ** (વિ. ૧, પૃ. ૨૦૫)માં **નલાયન**ની વિ. સં. ૧૪૬૪માં લખાયેલી હાથપોથીની નોંધ છે. અહીં એના કર્તાનાં નામ માણિક્યસૂરિ તેમજ માણિ-

સ્કંધ ૨, સર્ગ ૧૬, શ્લો ૨૫ પત્ર ૫૪
સ્કંધ ૩, સર્ગ ૯, શ્લો ૪૦, પત્ર ૬૯

ક્યદેવ હોવાનો ઉલ્લેખ છે. અહીં **મેઘનાટક નલાયન**ના કર્તાએ રચ્યું છે એમ એની પ્રશસ્તિએના આધારે જણાય છે એમ કહ્યું છે. મુદ્રિત પુસ્તકમાં તો આવી કોઇ પ્રશસ્તિ નથી તેમ છતાં આ વાત સાચી હોય તો કોઈક હાથપોથીમાં **પંચનાટક**ને બદલે **મેઘનાટક** પાઠ હશે. તેમ ન જ હોય તો આ પણ એક સ્વતંત્ર કૃતિ છે કે કેમ તે વિચારાવું બાકી રહે છે.

**પંચનાટક**-'પંચનાટક' એટલે 'પાંચ નાટકો' એવો અર્થ સહજ ઉદ્ભવે. 'પંચાનન'માંના 'પંચ'નો વિસ્તૃત અર્થ કરાય છે. એ અર્થ અત્ર અપ્રસ્તુત જણાય છે. 'પંચનાટક'થી પાંચ નાટકો અભિપ્રેત હોય તો તેનાં નામ જાણવાં બાકી રહે છે. શું એમાંના એક નાટકનું નામ **મેઘનાટક** હશે?

**જિન રત્નકોશ**માં **પંચનાટક**ની નોંધ નથી **મેઘનાટક** માટે પણ સ્વતંત્ર ઉલ્લેખ નથી. આથી એમ ભાસે છે કે આ બેમાંથી એકની હાથપોથી ભાગ્યે જ કોઈ સ્થળે હશે. ન જ હોય તો આ લુપ્ત કૃતિ ગણાય

**અનુભવસાર વિધિ**-આની કોઈ હાથપોથી જાણવા જોવામાં નથી. **જિન રત્નકોશ**માં આ કૃતિનો ઉલ્લેખ નથી. આ દૃષ્ટિએ આ લુપ્ત નહિ તો અનુપલબ્ધ કૃતિ છે આ કૃતિમાં અનુભવોની ઝાંખી કરાવાઈ હશે.

**મુનિ-મનોહર**-આનો '**मुनिमनोहर दोर्विधाता**' એવો ઉલ્લેખ છે. એ ઉપરથી મુનિ અને મનોહર એમ બે વ્યક્તિ હોવાની કલ્પના સ્ફુરે છે શું આ કોઈ કથાત્મક કૃતિ છે. આની નોંધ જ **જિન રત્નકોશ**માં નથી તો પછી એની હાથપોથીની નોંધની તો આશા જ શી રાખવી? આથી આ પણ લુપ્ત નહિ તો અનુપલબ્ધ કૃતિ તો છે જ.

★

For Private And Personal Use Only

# ૨૭૦ હીરાલાલ શાહ

મુંબઈ શહેરના એક અગ્રગણ્ય નાગરિક, વ્યપારી, ઉદ્યોગપતિ અને વિદ્વાનોમાં બહુ માન્ય એવા શ્રી હીરાલાલ અમૃતલાલ શાહનું તા. ૨૩મી ને રવિવારે ૬૬ વર્ષની ઉંમરે મુંબઇ ખાતે અવસાન થતા સમાજને મોટી ખોટ પડી છે.

શ્રી શાહનો જન્મ ઈ. સ. ૧૮૯૪માં ભાવનગર પાસેના વરતેજ ગામે જૈન કુટુંબમાં થયો હતો. તેમના પિતાનો મુંબઈમાં વિલાયતી કાપડનો વ્યાપાર હતો. તેમણે પ્રાથમિક કેળવણી ભાવનગરમાં લીધેલી, તે બાદ મુંબઈમાં સંસ્કૃત ઓનર્સના વિષયો લઈ ૧૯૧૫માં બી. એ. થઈ તેમના પિતાશ્રી સાથે વ્યાપારમાં જોડાયા અને કુનેહ, ખંત અને પરિશ્રમ વડે વ્યાપારના ક્ષેત્રે જલદીથી નિપુણતા મેળવેલી.

## અધ્યયન અને સંશોધન

વ્યાપાર સાથે સંસ્કૃત સાહિત્ય, ઈતિહાસ, પુરાણ, ખગોળશાસ્ત્ર, પુરાતત્વ વગેરે તેમના રસના અનેક વિષયોનું અધ્યયન સશોધન તો ચાલુ જ રહેલું. ગાંધીજી, મહાદેવભાઈ, સ્વામી આનંદ, કાકાસાહેબ કાલેલકર વગેરે સાથે તેઓ સન ૧૯૧૮–'૧૯ના સમાગમમાં આવેલા અને તે પરિચય વર્ષો સુધી કાયમ રહેલો. ભાવનગરમાં શ્રી નાનાભાઈ ભટે શરૂ કરેલ શ્રી દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવનની પ્રવૃત્તિ સાથે તેઓ નિકટપણે સંકળાયેલા હતા. શ્રી ગિજુભાઈએ શરૂ કરેલ બાલ શિક્ષણને લગતી મોન્ટીસરી પદ્ધતિ સારી રીતે ફાલેફૂલે એ માટે તેમણે દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવનની બાજુએ આવેલી ટેકરી ઉપર વિશાળ મકાન બંધાવી આપેલું જેનું ઉદ્ઘાટન કસ્તુરબાએ કરેલું.

સને ૧૯૨૩ માં ગાંધીજીને મંગળદાસ માર્કેટમાં ખાદી અને સ્વદેશીના પ્રચારાર્થે પોતાની પેઢી ઉપર તેમણે બોલાવેલા અને એ વખતે રૂા. ૨૫,૦૦૦ની રકમ ગાંધીજીને અર્પણ કરેલી. તેમના પિતાનું સને ૧૯૧૪ કે ૧૯૧૫ માં અવસાન થયા બાદ મહુંમની ઇચ્છા મુજબ ભાવનગર ખાતે જૈન યાત્રાળુઓ માટે તેમણે મોટી ધર્મશાળા બંધાવેલી અને શત્રુંજય ખાતે પ્રતિષ્ઠા મહોત્સવ કરેલો. મુંબઈના શ્રી મહાવીર જૈન વિદ્યાલયને રૂા. ૧૦,૦૦૦ની રકમ આપીને તેના પેટ્રન પણ બનેલા. આમ તેમની ઉદારતા સેવા અને સંસ્કારિતા અનેક ક્ષેત્રોને સારા પ્રમાણમાં સ્પર્શતી રહેલી અને અનેક વિદ્વાનોને તેમ જ સંશોધકોને ટેકારૂપ બનેલી.

તેમનો વ્યાપાર-ધંધો સારી રીતે ચાલતો હતો છતાં સન ૧૯૩૦ માં સવિનય સત્યાગ્રહની લડતમાં મંડાણ થયાં ત્યારે તેમણે પોતાની મેળે જ પોતાનો જામેલો વ્યાપાર એકાએક સંકેલી લીધો. સન ૧૯૩૮ માં તેમના બે દિકરા અમેરિકાથી ટેક્ષટાઈલ પ્રોસેસીંગ અને ટેકસટાઈલ એન્જિનિયરિંગ અને અન્ય વિષયોમાં નિષ્ણાત બનીને પછા ફર્યા અને સન ૧૯૩૯ દરમિયાન તેમણે વસંત વિજય મિલ્સ અને વસંત ઈન્ડસ્ટ્રિયલ એન્ડ એન્જિનયરિગ વર્કસની વર્લી–મુંબઈ સ્થાપના કરી. તત્કાળ ફાટી નીકળેલા બીજા વિશ્વયુદ્ધે તેમની આ ઔદ્યોગિક પ્રવૃત્તિને ઘણો વેગ આપ્યો.

## ખગોળનો શોખ

'ઓલ ઇન્ડીયા ઓરિએન્ટલ કોન્ફરન્સ'ની પ્રવૃત્તિમાં પણ તેઓ સારો રસ લેતા અને દરેક કોન્ફરન્સમાં તેમના બે ત્રણ નિબંધો રજૂ થયા હોય, તેઓ એક મોટા સંશોધક પણ હતા. પુરાણ કથાઓનો આકાશના ગ્રહ નક્ષત્રોના સ્થાન તથા ગતિઓ સાથે મેળ બેસાડતી એક મોટી થીઅરી–વિચારસરણી–તેમણે ઉપજાવી કાઢી હતી અને જ્યારે દુનિયાના ગળે પોતાની આ થીઅરી ઊતરશે ત્યારે તેને નવો પ્રકાશ મળશે અને આજના ધાર્મિક–સાંપ્રદાયિક મતભેદોનો મૂળ પાયો

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir
For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખસી જતાં એની મેળે અનેક મતભેદોનું નિરાકરણ થઈ જશે એમ તેઓ માનતા હતા.

છેલ્લાં બે વર્ષથી તેઓ ડાયાબીટીસ વગેરેથી પીડિત હતા. માંદગી દરમિયાન તેમની ખગોળ અને પુરાણને લગતી સમગ્ર શોધોને એક સાથે રજૂ કરતો એક વિશાળ ચાર્ટ-નકશો તૈયાર કર્યો હતો અને તે વિષયમાં રસ ધરાવતો જે કોઈ સ્નેહી કે મિત્ર આવે તેને પોતાની થીઅરીની વિગતો સમજાવવામાં તેઓ શ્રમ કે સમય ભૂલી જતા. સાથેસાથે પોતનાં માતુશ્રી તથા પિતાશ્રીના સ્મરણને સંકલિત કરતા જૈન સમાજ માટેના જોડાજોડ બે આરોગ્ય નિવાસો ભાવનગર ખાતે અંદાજે સવા લાખના ખર્ચે તેઓ તૈયાર કરાવી રહ્યા હતા. તે તૈયાર થયેલાં જોવાની ઝંખના તેઓ સેવી રહ્યા હતા. પણ કાળને એ માન્ય નહોતું. લાંબી માંદગી બાદ તા. ર૩મી ઓકટોબરે સવારે સાડા નવ વાગ્યે તેમણે છેલ્લો શ્વાસ ખેંચ્યો.

તેમની પાછળ તેમનાં સહધર્મચારિણી મોંઘીબહેન, ત્રણ પુત્રો તથા બે પુત્રીઓ તેઓ મૂકી ગયા છે.

**–પરમાનંદ કુંવરજી કાપડીઆ**

જન્મભૂમિ તા. ૨૭–૧૦–૬૦માંથી સાભાર.

# સમાચાર

૧ **મુંબઈ:**–શ્રી મહાવીર જૈન વિદ્યાલયની વાર્ષિક સાધારણ સભા તા. ૧૬–૧૦–૬૦ ના રોજ મળી હતી. તેમાં વાર્ષિક ઓડીટ થયેલ હિસાબ મંજુર થયો હતો અને ચુંટણીનું પરિણામ જાહેર થતા શ્રી ચંદુલાલ મોદી તેમજ શ્રી ચંદુલાલ વ. શાહ મંત્રી તરીકે અને શ્રી પ્રવીણચંદ્ર કાપડીઆ કોષાધ્યક્ષ તરીકે ચુંટાએલા જાહેર થયા હતા.

૨ **અમદાવાદ:**–તા. ૯–૧૦–૬૦ના રોજ પ્રેમાભાઈ હોલમાં મત્સ્યોદ્યોગના વિરોધ અંગે એક જાહેર સભા ૧૨૫ આગેવાનોની સહીથી મળી હતી. તેમાં મત્સ્યોદ્યોગ વગેરે હિંસાના કાર્યોનો વિરોધ કરતો ઠરાવ પસાર થયો હતો.

૩ **મુંબઈ:**–શ્રી મહાવીર જૈન વિદ્યાલય 'એક મધ્યસ્થ પુસ્તકાલય' ઊભુ કરવાની ઈચ્છા ધરાવે છે એમ તેના પ્રગટ થએલ રીપોર્ટમાં જાણાવવામાં આવ્યું છે. આ ઉપરાંત આગમ પ્રકાશનનું કામ શરૂ કરવા બાબતની હકીકત પણ તે રીપોર્ટમાં દર્શાવેલ છે. બન્ને કાર્યો આગળ ધપે તેમ અમે ઇચ્છીએ છીએ.

૪. **ભાવનગરઃ**–અત્રે આણંદજી પુરૂષોત્તમ જૈન દવાખાનું જૈન સંઘ તરફથી ચાલે છે. લોકો તેનો સારો લાભ લે છે. દરેક કોમના ભાઈ બહેનો તેનો લાભ લઈ શકે છે. ડૉ. શ્રી મધુકાન્ત શાહે લોકોની સારી ચાહના મેળવી છે હાલ દરરોજ ૨૨૫ દર્દીઓ લાભ લે છે શ્રી સંઘ તેનું ટ્રસ્ટ કરવાનું વિચારી રહેલ છે.

૫. **ભાવનગરઃ**–શ્રી અનોપચંદ ગોવીંદજી ટ્રસ્ટ સચાલિત 'અજવાળીબેન વાચનાલય'માં પચ્ચીસેક માસિકો, પાંચ દૈનિકો, છ થી સાત અઠવાડિકો આવે છે. લોકો આ વાચનાલયનો સારી સંખ્યામાં લાભ લઈ રહેલ છે. બાળકો માટેના ખાસ અઠવાડિકો અને માસિક આવે છે. તેથી બાળકો પણ સારી સંખ્યામાં લાભ લે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આભાર

શ્રી ઊંઝા ફાર્મસી લિમિટેડના માલિક શેઠ શ્રી ભોગીલાલભાઈ નગીનદાસ જેઓ આપણી સભાના લાઈફમેમ્બર પણ છે. તેમનાં તરફથી દર વર્ષની માફક આ વર્ષે પણ વિ. સં. ૨૦૧૭ ની સાલના કાર્તિકી પંચાગ સભાના સભાસદ બંધુઓને ભેટ આપવા માટે મોકલવામાં આવેલ છે, જે આ અંકની સાથે છે જે સંભાળી લેવા વિજ્ઞપ્તિ છે, તેઓશ્રીની સભા પરત્વેની હાર્દિક લાગણી માટે આભાર વ્યક્ત કરીએ છીએ.

## અવસાન નોંધ

મુંબઈ શહેરમાં નિવાસ કરતાં અગ્રગણ્ય વિચારક, વિદ્વાન, ઉદ્યોગપતિ શેઠ શ્રી હીરાલાલ અમૃતલાલ શાહનું તા. ૨૩-૧૦-૧૯૬૦ ને રવિવારના રોજ અવસાન થયું તે સમાચારથી અમે ખૂબ જ ઊંડા દુઃખની લાગણી અનુભવીએ છીએ.

શેઠ શ્રી હીરાલાલ ઉદ્યોગપતિ હોવા છતાં સાચા વિદ્યાપ્રેમી તેમ જ ધર્મપ્રેમી હતા. તેઓશ્રીના આચાર વિચાર ખૂબ જ ચોકસાઈવાળા, વિવેકદૃષ્ટિ યુક્ત હતા. કોઈપણ કામ કરતા પહેલા એ પૂરો વિચાર કરતા પછી તેનો અમલ કરતા. તેઓશ્રીએ પૈસાનો વ્યાજબી રીતે ઉપયોગ કર્યો છે. તેઓશ્રી દાન આપતા તે પણ દીર્ઘદૃષ્ટિથી વિચાર કરી આપતા. આપેલ દાનનો યોગ્ય ઉપયોગ થવાનો છે અને તેનાથી જનતાને સાચો લાભ થવાનો છે એવી ચકાસણી કરીને જ સાચે માર્ગે દાન આપતા.

તેઓશ્રીનો વિદ્યાપ્રેમ પણ એટલો જ આદરણીય છે, સંસ્કૃત લઈને બી. એ. ઓનર્સ થયા પછી ધંધામાં પડ્યા છતા વિદ્યાપ્રેમ જાળવી રાખ્યો. અને સંશોધના કરીને સંસ્કૃત સાહિત્યનું અધ્યયન કરી વિદ્વાનોમાં માન્ય થાય તેવી 'સર્વ-દર્શન-સમન્વયીકરણ' ની મૌલિક થીયરી તૈયાર કરેલી. જ્યોતિષ શાસ્ત્રનો પણ તેમનો રસ તે સિદ્ધાન્તમાંથી જણાઈ આવે છે. સામાજિક રીતે ઉપયોગી થાય એવા અને વિચારવા લાયક એવા સ્પર્શાસ્પર્શ અંગેના તેમના પેમ્ફલેટસ પણ જરૂર વિચારવા જેવા ગણાય.

તેમનું જીવન અનેક રીતે દૃષ્ટાન્તરૂપ છે. તેમના જવાથી સમાજને એક સાચા વિચારક, વિદ્યાપ્રેમી દાનવીરની ખોટ પડી છે. તેઓશ્રી આ સભાના પેટ્રન હતા અને આ સભા પ્રત્યે સારો આદર ધરાવતા. અમો તેમના આત્માને પરમ શાંતિ ઇચ્છીએ છીએ, અને તેમના કુટુમ્બ પર આવી પડેલી આપત્તિ પ્રત્યે સમવેદના દર્શાવીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. N. B. 431

# વાણીનો વિવેક

ભાષા ચાર પ્રકારની હોય છે-(૧) સત્ય, (૨) અસત્ય, (૩) સત્યાસત્ય અને (૪) ન સત્ય-ન અસત્ય-સત્ય અસત્ય રહિત વ્યવહાર ભાષા.

જે ભાષા સત્ય હોવા છતાં બોલવા લાયક ન હોય, જે થોડી સાચી થોડી જૂઠી હોય, જે મિથ્યા હોય અને જે વ્યવહાર ભાષા (ન સત્ય-ન અસત્ય) હોવા છતાં વિચારશીલ પુરુષો દ્વારા વ્યવહારમાં ન મુકાતી હોય એવી ભાષા કદી ન બોલવી. વિવેકી પુરુષે નિરવદ્ય-પાપરહિત, અકર્કશ, પ્રિય, પથ્ય અર્થાત્ પ્રાણીમાત્ર માટે હિતકારી અને સ્પષ્ટ અર્થવાળી સત્ય ભાષા બોલવી.

દિલને દુખાવનારી કર્કશ ભાષા સત્ય હોવા છતાં પણ વિચારશીલ પુરુષે નહિ બોલવી જોઈએ. જેનાથી અવિશ્વાસ ઉત્પન્ન થાય, બીજો માણસ ગુસ્સે થાય, એવી અહિતકર ભાષા વિવેકી પુરૂષ કદી ન બોલે. તે પોતાને માટે, પોતાને ને બીજાને બન્નેને માટે, પૂછવામાં આવે ત્યારે સાવદ્ય ( પાપકારી ) ભાષા ન બોલે, ન તે અર્થહીન કે ઘા કરનારી વાત કહે.

વિચારશીલ વ્યક્તિ પરિમિત ( માપેલી-તોળેલી ) અસંદિગ્ધ, પરિપૂર્ણ, સ્પષ્ટ અને અનુભૂત વચન બોલે-વાચાળતારહિત અને કોઈને પણ ઉદ્વિગ્ન ન કરે તેવાં વચન.

—ભગવાન વર્ધમાન

પ્રકાશક : ખીમચંદ ચાંપશી શાહ શ્રી જૈન આત્માનંદ સભાવતી
મુદ્રક : હરિલાલ દેવચંદ શેઠ : : આનંદ પ્રિન્ટીંગ પ્રેસ : ભાવનગર.

For Private And Personal Use Only